# સુવર્ણ અક્ષરે મઢેલી પાટનગરની આવતીકાલ : ત્રણ સિટીનો ઉદય

## ગાંધીનગર પાસે ઉભા થઇ રહેલા મોડેલ સિટીમાં ગુડા બે હજાર કરોડનો પ્રોજેક્ટ સાકાર કરશે, સાબરમતી ઉપર ત્રણ બ્રીજ બનશે

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા.૨

કર્મચારી નગર તરીકે ખ્યાતિ પામેલા ગુજરાતના પાટનગર ગાંધીનગરની સ્થાપનાને ૪૬ વર્ષ થયાં છે ત્યારે એક યાદ આપવાની થાય છે કે હિતેન્દ્ર દેસાઇ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કોંગ્રેસના એક રાષ્ટ્રીય અધિવેશનને કવર કરવા માટે નવી દિલ્હીથી પત્રકારો આવ્યા હતા અહીં પગ મૂકતાં જ તેમણે મુખ્યમંત્રીને કહ્યું હતું કે આ તો ગાંધીનગર નહીં આંધીનગર છે, ત્યારે આ ટીકાને હિતેન્દ્ર દેસાઇએ સકારાત્મક રીતે લીધી હતી...તેમણે ફટાફટ વૃક્ષારોપણના કાર્યક્રમો આપી દીધાં હતા અને જોત જોતાંમાં ગાંધીનગરને દેશનું ગ્રીનસિટીનું લેબલ લાગી ગયું હતું. આજે જે ગ્રીનરી દેખાય છે તે હિતેન્દ્ર દેસાઇને આભારી છે...

ગાંધીનગરનો વિકાસ પહેલાં પ્લાનબદ્ધ સિટી તરીકે થયો હતો, જેમાં સરકારો બદલાતાં નકશા બદલાતા ગયા...ગેરકાયદે બાંધકામો સાથે શહેર એ ઉંચાઇ ઉપર પહોંચી ગયું છે કે હવે વિકાસની દ્રષ્ટીએ મેટ્રોસિટીની હરોળમાં કહી શકાય. ભલે મેટ્રોસિટી જેટલી વસતિ ન હોય, સુવિધા તો મેટ્રોસિટી જેટલી મળી રહી છે...

આપણે ૨૦૨૦ના ગાંધીનગરની કલ્પના પણ નહીં કરી હોય..રાજ્ય સરકારે આગામી આઠ વર્ષનું આયોજન કરી દીધું છે જેમાં ગગનચૂંબી ઇમારતો, માસ ટ્રાન્સપોર્ટેશન, બે નવા સિટી ગિફ્ટનો ઉદય અને ટ્વિન સિટીનું બિરૂદ મળી ચૂક્યું હશે. અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું અંતર ઝીરો થઇ ચૂક્યું હશે. કલોલ, દહેગામ અને માણસા ગાંધીનગરનો હિસ્સો બનશે. ગુડા વિસ્તારમાં આકાર લઇ રહેલા ન્યૂ ગાંધીનગરનો ડેવલપમેન્ટ પ્લાન જોઇએ તો ખયાલ આવશે કે ગાંધીનગરમાં એક નવા એસજી હાઇવેનો ઉદય થઇ રહ્યો છે.

દર ત્રણ મિનિટે મેટ્રો ટ્રેન ગાંધીનગરમાં આવશે અને અમદાવાદમાં જશે. રોજના એક લાખ લોકો અપડાઉન કરી શકશે. લોકો પોતાના વાહનથી મેટ્રો સ્ટેશન સુધી જઇ શકે તે પ્રકારના પાર્કિંગ ઉભા કરાશે. હાલના અંદાજ પ્રમાણે મેટ્રોરેલ પ્રોજેક્ટનો પ્રારંભ સપ્ટેમ્બર-૨૦૧૨માં થવાનો છે અને ૨૦૧૫ સુધીમાં પ્રથમ તબક્કો પૂર્ણ કરાશે.

મેટ્રોરેલની પેરેલલ ગાંધીનગરમાં બીઆરટીએસ સિસ્ટમનો પ્રારંભ થઇ ચૂક્યો હશે કારણ કે બીઆરટીએસને ગિફ્ટ સિટી અને રિવર ફ્રન્ટ સુધી લંબાવવામાં આવી રહી છે. આજે કહેવાય છે કે ગાંધીનગરમાં માસ ટ્રાન્સપોર્ટેશનની મુસિબત છે. હવે આવનારા સમયમાં એ ભ્રમણા દૂર થશે. તમારે જ્યાં જવું હશે ત્યાં પાંચ પાંચ મિનિટના અંતરે ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પ્રાપ્ત થતી હશે.

ગાંધીનગરને ફુલોની નગરી બનાવવાની કાર્યવાહી પણ ચાલી રહી છે. સેક્ટરોની મધ્યમાં અને શહેરના મુખ્ય માર્ગો ઉપર એક સરખા ફુલો ઉગાડીને શહેરની બ્યુટીને નવો ઓપ આપવામાં આવનાર છે. બહારથી આવનારા આગંતૂકને હિમાચલ પ્રદેશના સિમલા, કુલુ મનાલી કે કાશ્મિરના ફુલોના બગીચામાં પ્રવેશ કર્યો હોય તેવું લાગશે. ચારોતરફ હરિયાળી દેખાય તે માટે માર્ગોની આજુબાજુ કુદરતી ઘાસ ઉગાડવામાં આવનાર છે. એ સાથે ચોતરફ વૃક્ષારોપણ કરીને પાકિસ્તાનના ઇસ્લામાબાદનો રેકોર્ડ તોડવામાં આવશે. પાકનું આ શહેર વિશ્વમાં સૌથી વધુ વૃક્ષો ધરાવતું સિટી છે. ગાંધીનગરમાં પણ સૌથી વધુ વૃક્ષો વાવવાનો પ્લાન છે.

ફુલોની નગરી તો ઠીક પણ આ પાટનગરમાં આવનારા દિવસોમાં પાન-બીડીનો એકપણ સ્ટોલ જોવા નહીં મળે, કારણ કે સ્મોક ફ્રી અને ટોબેકો ફ્રી સિટી બની ચૂક્યું હશે. એ ઉપરાંત કાગળની સિટીમાં પ્લાસ્ટીકનું નામોનિશાન નહીં હોય, પ્લાસ્ટીક ફ્રી સિટી ઘોષિત હશે.

અત્યાર સુધી ગાંધીનગરનો વિકાસ કેમ થતો ન હતો...તેનું એક કારણ છે. સરકારની ઇચ્છા શક્તિ ન હતી તેવું નથી પણ વિશ્વ હિન્દુ પરિષદના સ્વ. પંડિત કે.કા.શાસ્ત્રીના મતે ગાંધીનગરનો વિકાસ સાથિયાને અનુરૂપ કરવામાં આવ્યો છે, પરંતુ તેમાં એક પાયો ખૂટે છે. તેમણે તેમના પુસ્તકમાં લખ્યું છે કે સાથિયાના ચાર ખૂણા હોય છે જ્યારે ગાંધીનગરમાં ત્રણ પાયા છે, એક પાયો ઓછો છે. આ એક પાયો એટલે સાબરમતી નદીપારનો વિસ્તાર. અમદાવાદનો વિકાસ નદીની બન્ને બાજુએ છે. સુરતનો વિકાસ પણ બન્ને સાઇડે છે પરંતુ ગાંધીનગર માત્ર એક સાઇડે હર્યુભર્યુ બન્યું છે.

પંડિતજીના આ શબ્દોને ધ્યાને લઇને હાલના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સાથિયાનો ખૂટતો ખૂણો પુરી દીધો છે અને તે પણ ગુજરાત ઇન્ટરનેશનલ ફાયનાન્સ ટેક(ગિફ્ટ) સિટીના માધ્યમથી પૂરાયો છે. આ એક એવું શહેર બની રહ્યું છે કે સાથિયાના ભૂલાયેલા ખૂણાને પુરી તો શકશે પરંતુ એટલું બધું ડેવલપમેન્ટ થશે કે ભારતના રાજ્યોના લોકો આ સિટીને જોવા માટે ગાંધીનગર આવશે. હાઇરાઇઝ બિલ્ડીંગો, કોમર્શિયલ અને ફાયનાન્સિયલ એક્ટિવીટીથી ગિફ્ટ ૨૦૨૦ સુધીમાં ઇન્ટરનેશનલ ફાયનાન્સનું હબ બની રહેશે જેમાં ફાઇવસ્ટાર હોટલો હશે. ઇન્ટરનેશનલ કક્ષાની બેન્કો હશે. બે લાખથી વધારે લોકો રોજગાર મેળવતા હશે.

ગિફ્ટ સિટીમાં હાલ તો ૭૫,૦૦૦ કરોડનું મૂડીરોકાણ અંદાજવામાં આવ્યું છે પણ તેના ડેવલપમેન્ટને જોતાં બીજા ૨૫,૦૦૦ કરોડનું વધારાનું રોકાણ થઇ રહ્યું છે. વાયબ્રન્ટ ઇન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૩માં ગાંધીનગર માટે વિકાસના વધારે દ્વાર ખૂલશે.

ગાંધીનગર એક ઇન્સ્ટીટ્યુશનલ હબ પણ બની રહ્યું છે. વિશ્વકક્ષાનું નોલેજ આપતી કોલેજ અને યુનિવર્સિટીઓ ગાંધીનગરમાં સ્થપાઇ રહી છે. વિશ્વકક્ષાની નેશનલ યુનિવર્સિટી પણ ગાંધીનગરને મળી રહી છે. નિફ્ટ, એનઆઇડી, ડીએઆઇઆઇસીટી, પીડીપીયુ, નેશનલ હોટલ મેનેજમેન્ટ, એફએસએલ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી જેવી માતબર સંસ્થાઓ આવનારા દિવસોમાં પૂર્ણકક્ષાએ ધમધમશે.

ગાંધીનગર એ એશિયાનું પ્રથમ કક્ષાનું સોલાર સિટીમાં પણ પરાવર્તિત થઇ રહ્યું છે. શહેરના પ્રત્યેક નિવાસની અગાસી ઉપર લોકો સોલાર વિજળી પેદા કરીને સરકારને વેચતા હશે અને રૂપિયા કમાતા હશે. સરકારી આવાસો ઉપર તો સોલાર પાવર પ્રોજેક્ટ શરૂ પણ થઇ ચૂક્યાં છે. શહેરમાં પ્રત્યેક અગાસી માલિક પાસે પોતાનો પાવર પ્લાન્ટ ઉભો કરેલો હશે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું સંપૂર્ણ બાંધકામ ૨૦૧૩ સુધીમાં પૂર્ણ થવાનું છે. આ મંદિર એવું હશે કે જે વ્યક્તિ ગુજરાતની મુલાકાતે આવશે તેણે આ મંદિરની અવશ્ય મુલાકાત લેવી પડશે. ૩૦૦ કરોડના ખર્ચે આ મંદિર ઉભું કરવામાં આવ્યું છે. એ સાથે સેન્ટ્રલ વિસ્ટાને છે ક સાબરમતી નદી સુધી જોડવામાંઆવ્યું છે, એટલે કે સચિવાલયની પાછળના ભાગને પણ ડેવલપ કરવાનું પ્લાનિંગ છે. સાબરમતી પાસે રાજ્ય સરકાર પંચામૃત ભવન બનાવી રહી છે જેમાં પાંચ શક્તિ રક્ષા,જળ,ઉર્જા,જન અને જ્ઞાન નો સુમેળ હશે.

આ પંચ શક્તિની થીમ ઉપર આ ભવન બનાવાશે જેની પાછળ ૫૫ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. મહાત્મા મંદિર પ્રેરણા આપશે...સચિવાલયમાં પુરુષાર્થ થશે...અને પંચામૃત ભવન પરિણામ આપશે..આ ભવનમાં વિવિધ પ્રોજેક્ટના પરિણામ મોડેલ અને પ્રદર્શન હશે. ત્રણ કિલોમીટરના આ વિશાળ રાજમાર્ગ ઉપર મંદિર થી ભવન સામસામે દેખાશે. મોદીનો આ ડ્રીમ પ્રોજેક્ટ છે.

આવનારા દિવસોમાં મુખ્યમંત્રી ઉપરાંત મંત્રીમંડળના સભ્યો માટે અતિ આધુનિક તેમજ કોર્પોરેટ કલ્ચરના નોર્થ અને સાઉથ બ્લોક બની રહ્યાં છે જે નવી દિલ્હીની યાદ અપાવશે. મિનિસ્ટ્રી અને સેક્રેટરિયેટને અલગ ઓળખ અપાઇ રહી છે. આ પ્રોજેક્ટ ૧૧૦ કરોડના ખર્ચે ૨૦૧૩માં પૂર્ણ થઇ રહ્યો છે. એ ઉપરાંત ભાજપનું પ્રદેશ કાર્યાલય પણ ગાંધીનગર આવી રહ્યું છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે કોબા પાસે કોર્પોરેટ કલ્ચરનું પ્રદેશ કાર્યાલય બની રહ્યું છે.

ગાંધીનગર પાસે ગુડાએ ૨૦૦૦ કરોડનું મોડેલ સિટી બનાવવાનો એમઓયુ સરકાર સાથે સાઇન કર્યો છે જેમાં સાબરમતી ઉપર બે નવા બ્રીજનું નિર્માણ પણ થશે. આ નવી સિટીમાં આધુનિકતા સાથે સભ્યતાનો સમન્વય હશે, કારણ કે ગ્રીન કન્સેપ્ટને સ્વીકારવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં ઓછામાં ઓછી ૧૨ ફાઇવ સ્ટાર હોટલો આવનારા પાંચ વર્ષમાં શરૂ થઇ ચૂકી હશે. શોપીંગ માટેના વિશાળ મોલ્સ, મલ્ટીપ્લેક્સ, અદ્યતન શાક માર્કેટ, રમત-ગમત માટે વિશાળ સંકુલો, જોગીંગ પાર્ક તેમજ આઇટી સેઝ ભાવિ આયોજન છે. આ ડેવલપમેન્ટમાં પાંચ વર્ષમાં રોજગારીની ઓછામાં ઓછી ૧૦ લાખ તકો પ્રાપ્ત થવાની છે. ગિફ્ટ સિટીમાં કોર્પોરેટ હાઉસો માટેની ઓફિસો થતાં દેશભરના ખ્યાતનામ ઉદ્યોગપતિઓ ગાંધીનગરમાં આવશે. પાંચ વર્ષમાં ૧૦૦ જેટલી નવી રેસિડેન્સીની સ્કિમો પૂર્ણ થઇ ચૂકી હશે. હાલ ગાંધીનગરની વસતિ ત્રણ લાખ છે જે સાત લાખને પણ વટાવી ચૂકી હશે.

### સાબરમતી કિનારે રિવર ફ્રન્ટ પણ જોવા મળશે...

અમદાવાદનો રિવરફ્રન્ટ પ્રોજેક્ટ પૂર્ણ થવા આવ્યો છે ત્યારે સરકારે ગાંધીનગરને સાબરમતી કાંઠે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ આપ્યો છે. આ પ્રોજેક્ટનો શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવા રાજ્ય સરકારે એક કરોડનો ખર્ચ કર્યો છે.

અમદાવાદનો રિવર ફ્રન્ટ પ્રોજેક્ટ ગાંધીનગર સુધી લંબાવવામાં આવ્યો છે. ગાંધીનગરમાં બે લાખ કરોડના મૂડીરોકાણના ઉદ્યોગો આવી રહ્યાં છે. આટલી મોટી રકમના એમઓયુ સાઇન કરવામાં આવેલા છે. એન્ટરટેઇનમેન્ટ ઝોન પણ ઉભા થઇ રહ્યાં છે. અડાલજની વાવને આધુનિક ઓપ અપાઇ રહ્યો છે. એક ટુરિસ્ટ પોઇન્ટ તરીકે પાટનગરને વિકસાવવામાં આવી રહ્યું છે.




### બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ ખરીદેલી જમીનમાં શું કરશે...

ગુજરાતના પ્રવાસન ક્ષેત્રના બ્રાન્ડ એમ્બેસેડર અને હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર અમિતાભ બચ્ચને ગાંધીનગરમાં શાહપુર પાસે જમીન ખરીદી છે. આ જમીન ગિફ્ટ સિટીને અડીને આવેલી છે. શહેરમાં એક વિઘા જમીનનો ભાવ હાલ પાંચ કરોડથી વધારે છે ત્યારે અમિતાભ બચ્ચને ૨૩૧૬૯ ચોરસ મીટર એટલે કે ૧૦ વિઘા જમીન ૬.૯૫ કરોડના ખર્ચે ખરીદી છે.

અમિતાભ બચ્ચન આ જમીનમાં શું કરશે તે કોઇને ખબર નથી પરંતુ આ સાદો સમયે સરકારના એક મંત્રીએ રસ લીધો હતો. એટલે કે અમિતાભ ગિફ્ટ સિટીને અનુરૂપ કોઇ પ્રોજેક્ટ શરૂ કરે તો નવાઇ પામવા જેવું નથી.







### શહેર અને ગિફ્ટ સિટીની બાજુમાં મોડેલ સિટી...

ગાંધીનગર પાસે મોડેલ સિટી બનાવવા માટે ગુડાએ રાજ્ય સરકાર સાથે ૨૦૦૦ કરોડના એમઓયુ સાઇન કરેલા છે. આ સિટી ન્યૂ ગાંધીનગરમાં બનશે જેને મિની ગાંધીનગર કહેવાશે.

ન્યૂ ગાંધીનગરમાં સાયકલ ટ્રેક હશે. પહેલાં ગુડા પછી કોર્પોરેશન તેમાં જોડાશે. આ સિટીમાં બગીચા, લેન્ડસ્કેપીંગ, થીમ સર્કલ સહિત ખુલ્લા માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુડાના ચેરમેન અશોક ભાવસાર કહે છે કે આ સિટીમાં એન્ટરટેઇનમેન્ટ માટે મોલ્સ, મલ્ટીપ્લેક્સ, સ્ટાર હોટલ્સ, કોમર્શિયલ કોમ્પલેક્સ, રેસિડેન્સિયલ કોમ્પલેક્સ તેમજ એજ્યુકેશનલ સંસ્થાઓને મંજૂરી આપવામાં આવશે.

સાબરમતી નદી ઉપર ત્રીજો બ્રીજ બંધાશે જે ગિફ્ટ સિટી અને ન્યૂ મોડેલ સિટીને જોડતો હશે. આ પ્રોજેક્ટમાં પીપીપી મોડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### દુબઇ અને હોંગકોંગ જેવું વિશ્વકક્ષાનું ગિફ્ટ સિટી...

ગિફ્ટ સિટી એ સરકારનું સંયુક્ત સાહસ છે. ૭૫૦૦૦ કરોડનો માસ્ટરપ્લાન બનાવવામાં આવેલો છે જેમાં ૬૭૩ એકર જમીન સંપાદન કરવામાં આવેલી છે. દુબાઇ અને હોંગકોંગ જેવું સિટી બનશે.

આગામી ત્રણ વર્ષમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૭૦૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. બીઆરટીએસ ફેઝ-૩ને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ સિટીમાં સૌથી વધુ ૩.૬૫ની એફએસઆઇ મળશે. ગિફ્ટ સિટીમાં સ્પેશ્યલ નોટિફાઇડ એરિયા બનાવવામાં આવ્યો છે. પાંચ લાખ યુવાનોને નોકરી મળશે.

બે ડાયમન્ડ ટાવર સાથે અનેક ઇમારતો હશે જેમાં ભવિષ્યમાં ૩૦ લાખ લોકોને સમાવી શકાશે. ૨૦૦ કરોડની હોસ્પિટલમાં ૨૦૦ પથારીની સુવિધા હશે. ચાઇના અને સિંગાપોરની કંપનીઓ પણ આ સિટીમાં મૂડીરોકાણ કરી રહી છે.

ભારતના કોઇ રાજયએ કલ્પના પણ નહીં કરી હોય તેવું આ સિટી હશે.



### દસ વર્ષમાં ગાંધીનગરમાં લોકોને શું નવું જોવા મળશે

- આધુનિક મહાત્મા મંદિરની પૂર્ણતા
- સચિવાલય પાછળ પંચામૃત ભવન
- ૨૦૦૦ કરોડનું નવું મોડેલ સિટી
- ત્રણ કિલોમીટરનો સેન્ટ્રલ વિસ્ટા
- ફુલોની નગરી,ચારેકોર હરિયાળી
- રૂફટોપ સોલાર પાવર સિટી
- ઇન્ટરનેશનલ કક્ષાનું ગિફ્ટ સિટી
- મેટ્રોરેલ અને બીઆરટીએસ સુવિધા
- રહેવા માટેની ૨૦૦ સ્કીમોની
- કેબિનેટ માટે નોર્થ-સાઉથ બ્લોક
- મંદિર થી પંચામૃત ભવનનો માર્ગ
- આધુનિક શોપીંગ-મોલ કલ્ચર
- તબીબો માટે ડોક્ટર હાઉસ
- કોબા પાસે ભાજપની પ્રદેશ કચેરી
- ૧૦થી વધારે યુનિવર્સિટીઓ
- ૧૨ જેટલી ફાઇવસ્ટાર હોટલ્સ
- પાંચ મિનિટે ટ્રાન્સપોર્ટ સુવિધા
- અમદાવાદ-ગાંધીનગરને ટ્વિનસિટી
- ગાંધીનગરથી ૧૫ ટ્રેનો ઉપડતી હશે
- એરપોર્ટ કનેક્ટિવીટી માટે મેટ્રો રેલ
- મેટ્રો રેલ સાથે સંપૂર્ણ બીઆરટીએસ
- સાબરમતી પાસે રિવર ફ્રંટ યોજના
- પિકનીક સ્થળ જેવું સંત સરોવર
- સ્મોક ફ્રી અને પ્લાસ્ટીક ફ્રી સિટી

